# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### પેટા ચૂંટણીમાં તંત્રનો 'ડિજિટલ પહરો' | ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શકતા લાવવા જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ

# ઉમરેઠની ચૂંટણીમાં 'લાઈવ વેબકાસ્ટિંગ' થી નજર રખાશે

**ઈવીએમ લઈ જતાં** વાહનો અને બસને પણ જીપીએસથી ટ્રેક કરાશે




(પ્રતિનિધિ) આણંદ તા.21

આણંદ જિલ્લાની ઉમરેઠ વિધાનસભાની આગામી 23મી એપ્રિલે યોજાનારી પેટા ચૂંટણીને લઈને વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. આ ચૂંટણી સંપૂર્ણપણે મૂક્ત, ન્યાયી અને પારદર્શક વાતાવરણમાં યોજાય તે હેતુથી જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણ ચૌધરીના સીધા માર્ગદર્શન હેઠળ આ વખતે હાઈટેક સર્વેલન્સ ગોઠવવામાં આવ્યું છે.

ઉમરેઠ મતદાર વિભાગ હેઠળ આવતા તમામ 306 મતદાન મથકો પર આ વખતે વિશેષ સુવિધા ઉભી કરવામાં આવી છે. ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ, દરેક મથકની અંદર અને બહાર લાઈવ વેબકાસ્ટિંગ કરવામાં આવશે. આ માટે ખાસ ટીમોની રચના કરવામાં આવી છે, જેઓ ઓડ ખાતે તૈયાર કરવામાં આવેલા અત્યાધુનિક વેબકાસ્ટિંગ રૂમમાં બેસીને સમગ્ર દિવસ દરમિયાન મતદાનની પળેપળની ગતિવિધિઓ પર નજર રાખશે.

આ ચૂંટણીમાં માત્ર મતદાન મથકો જ નહીં, પરંતુ મતદાન માટે વપરાનારા ઈવીએમ અને વીવીપેટ મશીનોની સુરક્ષા માટે પણ તંત્ર સતર્ક છે. આ મશીનોનું વહન કરતા 73 વાહનો અને 36 જીએસઆરટીસીની બસોમાં જીપીએસ સિસ્ટમ લગાડવામાં આવી છે. જેના કારણે આ વાહનો કયા રૂટ પર છે અને ક્યાં પહોંચ્યા તેનું રિયલ ટાઈમ ટ્રેકિંગ કરી શકાશે.

### ઉમરેઠ વિધાનસભામાં 2.45 લાખથી વધુ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે

ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણી માટે કુલ 2,45,623 મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે, જેમાં 1,26,545 પુરુષ અને 1,19,072 મહિલા મતદારોનો સમાવેશ થાય છે. આ ચૂંટણીની મતગણતરી ચોથી મે, સોમવારના રોજ હાથ ધરવામાં આવશે. આ પેટા ચૂંટણીમાં ઉમરેઠ અને આણંદના 46 ગામો અને ઓડ, ઉમરેઠ તેમજ બોરીયાવી એમ 3 નગરપાલિકા વિસ્તારોનો સમાવેશ થાય છે. લોકશાહીના આ પર્વમાં 4174 યુવા મતદારો પ્રથમ વખત મતદાન કરશે, જ્યારે 85 વર્ષથી વધુ વયના 1644 સુપર સિનિયર સિટીઝન અને 1559 જેટલા દિવ્યાંગ મતદારો પણ મતાધિકારનો પ્રયોગ કરશે. આ ચૂંટણી પ્રક્રિયા માટે કુલ 306 મતદાન મથકો નક્કી કરવામાં આવ્યા છે, જે પૈકી 238 ગ્રામ્ય અને 68 શહેરી વિસ્તારમાં છે. વહીવટી તંત્ર દ્વારા વિશેષ આયોજનના ભાગરૂપે મહિલાઓ દ્વારા સંચાલિત 2, યુવાઓ દ્વારા સંચાલિત 2 અને દિવ્યાંગો દ્વારા સંચાલિત 1 મતદાન મથક તૈયાર કરવામાં આવશે, ઉપરાંત 5 આદર્શ મતદાન મથકો પણ બનાવવામાં આવશે.

આણંદ જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણ ચૌધરીએ જણાવ્યું હતું કે, ઉમરેઠ વિધાનસભાની આ પેટા ચૂંટણીમાં મતદારો નિર્ભય થઈને મતાધિકારનો ઉપયોગ કરી શકે તેવું વાતાવરણ ઉભું કરવામાં આવ્યું છે. આમ, ટેકનોલોજીના ઉપયોગથી કોઈપણ પ્રકારની ગેરરીતિની શક્યતાઓ નહિવત બની જશે અને સમગ્ર પ્રક્રિયા પર જિલ્લા મથકેથી સીધું નિયંત્રણ રાખવામાં આવશે.

### ઉમરેઠ વિધાનસભામાં પોલીસ તંત્ર દ્વારા સુરક્ષાનો લોખંડી બંદોબસ્ત

ઉમરેઠ વિધાનસભાની 23મી એપ્રિલ, ગુરુવારના રોજ યોજાનારી પેટાચૂંટણી માટે જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ સંપૂર્ણ રીતે સજ્જ બન્યું છે. આ અંગે જિલ્લા પોલીસ વડા ગૌરવ જસાણીએ જણાવ્યું હતું કે, ઉમરેઠ વિધાનસભા વિસ્તારના 46 ગામોના 306 મતદાન મથકો પર સુરક્ષાની જવાબદારી સંભાળવા માટે સીઆરપીએફની 3 કંપનીઓ ફાળવવામાં આવી છે. આ ઉપરાંત, 500થી વધુ પોલીસ, હોમગાર્ડ અને ગ્રામ રક્ષક દળના જવાનો પણ તૈનાત રહેશે. આ ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે 02 ડીવાયએસપી, 04 પોલીસ ઇન્સ્પેક્ટર અને સબ ઇન્સ્પેક્ટરોની દેખરેખ હેઠળ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં ચેકપોસ્ટ, એફએસટી અને એસએસટીની ટીમોનો પણ સમાવેશ થાય છે.

### ઓડ ખાતેના કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવશે

ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીમાં કોઈપણ વ્યક્તિને ચૂંટણી લક્ષી ફરિયાદ કે રજૂઆત કરવી હોય તો જિલ્લા કક્ષાએ ટોલ ફ્રી નંબર 1950 ઉપર અથવા ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણી માટે ઓડ ખાતે કંટ્રોલરૂમ નંબર 02692 298071 શરૂ કરવામાં આવ્યો છે, તેની ઉપર સંપર્ક કરવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણ ચૌધરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

---

# ખંભાતના ડીવાયએસપીની તાત્કાલિક અસરથી બદલી

**ગૃહમંત્રી** હર્ષ સંઘવીની મુલાકાતની રાત્રે જ બદલી થતાં અનેક તર્ક વિતર્ક

(પ્રતિનિધિ) આણંદ તા.21

આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણીની કલાકો અગાઉ જ ખંભાતના નાયબ પોલીસ અધિક્ષકની એકાએક બદલી થતાં બેડામાં ભારે ચર્ચાનો વિષય બની છે.

આણંદની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણી અંતર્ગત સોમવારના રોજ નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીની આણંદ ખાતે પ્રવાસ યોજાયો હતો. જોકે, તેઓ પ્રવાસ પુરો કરીને ગયાને કલાકોમાં જ અચાનક જ ખંભાતના નાયબ પોલીસ અધિક્ષક એસ.બી. કુંપાવતની તાત્કાલિક અસરથી બદલી કરીને જૂનાગઢ પોલીસ તાલીમ શાળામાં મુકવામાં આવ્યાં છે.

આ આદેશનો તાત્કાલિક અસરથી અમલ કરી નવી જગ્યાએ હાજર થવા પણ ફરમાન કરવામાં આવ્યું હતું. આ બદલીથી બેડામાં ભારે ચકચાર મચી ગઈ હતી. જોકે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને વિધાનસભાની પેટા ચૂંટણીની આચાર સંહિતાના પગલે ગૃહ વિભાગમાંથી થયેલી આ બદલીને લઈ અનેક ચર્ચાએ જોર પકડ્યું હતું. એક ચર્ચા મુજબ નાયબ પોલીસ અધિક્ષક એસ.બી. કુપાવત સામે સોખડા જીઆઈડીસીના ઉદ્યોગપતિઓએ રજૂઆત કરી હતી. આ ઉપરાંત ભાજપના આગેવાનોએ પણ ચૂંટણીને કેટલાક મુદ્દા પર ગૃહમંત્રીને રજુઆત કરી હોવાની ચર્ચા જાગી છે.

### ગ્રામ્ય વિસ્તારના લોકોને પૂરતી માહિતી નહીં હોવાના કારણે અરજીઓ રદ થઈ

# આણંદમાં RTEના ફોર્મ ભરવામાં વાલીને મુશ્કેલી, અનેક અરજી રદ

**વાલીઓના** ભાડા કરાર સાથે પોલીસ વેરિફિકેશન દાખલો અપલોડ ન કરાતાં ફોર્મ રદ થયાં

(પ્રતિનિધિ) આણંદ તા 21

આણંદ જિલ્લામાં આરટીઇ અંતર્ગત ફોર્મ ભરવાની પ્રક્રિયા હાલ ચાલી રહી છે. અને અરજી કરવાની તારીખ લંબાવતા હવે વાલીઓ 23 મી સુધી આરટીઇ અંતર્ગત ફોર્મ ભરી શકશે. જોકે અરજી કરવાના થોડા દિવસો બાકી રહ્યા છે, ત્યારે ઘણા વાલીઓએ આરટીઇ અંતર્ગત કરેલી અરજી કેટલાક કારણોસર રદ કરવામાં આવી છે. જેમાં મળતી માહિતી મુજબ સેલ્ફ ડિક્લેરેશનમાં તારીખ નહીં હોવાના કારણે, રહેઠાણ પુરાવામાં રેશનકાર્ડની ઝેરોક્ષ અપલોડ કરવાના કારણે અરજીઓ રદ કરવામાં આવી છે.

કેટલાક વાલીઓના ભાડા કરાર સાથે પોલીસ વેરિફિકેશન દાખલો અપલોડ નહીં કરવા સહિતના અન્ય કારણોસર અરજી રદ કરવામાં આવી રહી છે. ગ્રામ્ય વિસ્તારના લોકોને પૂરતી માહિતી નહીં હોવાના કારણે અરજીઓ રદ થઈ રહી છે. તો કેટલાક ગરીબ વાલીઓ એવા છે જેમનું રહેઠાણ શાળાથી 6 કિલોમીટર થી 700 મીટર જેટલું વધુ દૂર હોવાને કારણે પણ જરૂરિયાતમંદ વાલીઓ હોવા છતા આરટીઈનો લાભ મેળવી શકતા નથી.

મળતી માહિતી મુજબ આરટીઈ અંતર્ગત બાળકોની પસંદગી કેટેગરી મુજબ પ્રવેશ આપવામાં આવે છે. જેમાં અનાથ બાળક, સંભાળ અને સંરક્ષણની જરૂરિયાત વાળુ બાળક, બાલગૃહ ના બાળકો સ્થળાંતર મજૂર ના બાળકો, મંદ બુદ્ધિ બાળકો, તમામ દિવ્યાંગ બાળકો, ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/ અર્ધ લશ્કરી/પોલિસદળનાં જવાનનાં બાળકો,જે માતા-પિતાને એકમાત્ર સંતાન હોય અને તે સંતાન માત્ર દીકરી જ હોય તેવી દીકરી, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કેટેગરીના બાળકો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ / આર્થિક રીતે નબળા વર્ગો આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકો, જનરલ કેટેગરી/ બિન અનામત વર્ગના બાળકોને અગ્રતાક્રમ આપવામાં આવે છે. પરંતુ યોગ્ય માર્ગદર્શન અભાવે વાલીઓએ ઓનલાઈન કરેલા ફોર્મ વિવિધ કારણોસર રદ કરવામાં આવે છે. જેના કારણે આરટીઈ યોજનાથી વંચિત રહેવું પડે તેવી સ્થિતિ સર્જાઇ છે.

# ભાજપે પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ ચારને ઘરભેગા કર્યા

**સ્થાનિક** સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી ટાણે જ જૂના જોગીઓ સામે કાર્યવાહી

**સસ્પેન્ડ કરાયેલા હોદ્દેદારો**

ધનેશભાઈ શનાભાઈ (આશીપુરા), ભરતભાઈ પ્રભાતભાઈ રબારી (સોજીત્રા), કનૈયાલાલ નવીનચંદ્ર શાહ (ઉમરેઠ), કલ્પેશકુમાર કાન્તીભાઈ પટેલ (મોગરી)

(પ્રતિનિધિ) આણંદ તા 21

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો જંગ જામ્યો છે, ત્યારે આણંદ જિલ્લા ભાજપે પક્ષના શિસ્તનો ભંગ કરનાર ચાર હોદ્દેદારો સામે શિસ્ત ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવી છે. પક્ષની શિસ્ત ભંગ કરી ઉમેદવારી કરનારા કે અન્ય પક્ષનો હાથ પકડનારા 4 નેતાઓ સામે આણંદ જિલ્લા ભાજપ પ્રમુખ સંજય પટેલે શિસ્તભંગના કડક પગલાં લીધા છે.

આ તમામ ચાર સભ્યોને ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક અને સક્રિય સભ્યપદ તેમજ તમામ હોદ્દાઓ પરથી 6 વર્ષ માટે બરતરફ (સસ્પેન્ડ) કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીમાં ભાજપ દ્વારા નક્કી કરાયેલા અધિકૃત ઉમેદવારો સામે આ નેતાઓએ બળવો કર્યો હતો. કેટલાક નેતાઓએ અપક્ષ તરીકે ફોર્મ ભર્યા હતા. પક્ષની શિસ્ત જાળવવા માટે કડકપણે નિર્ણય લેવામાં આવ્યો છે.

---

### મહેસૂલ મંત્રીના વતન કમળામાં લોકશાહી લજવાઈ

# નડિયાદમાં ચૂંટણી પ્રચારમાં કોંગ્રેસના ઉમેદવાર પર હુમલો

**12થી 15 શખ્સોના** ટોળાએ પ્રચાર રોકી ધાકધમકી આપી મોબાઈલની લૂંટ કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.21

નડિયાદ મનપાની ચૂંટણીમાં મહેસૂલ મંત્રી સંજયસિંહ મહીડાના વતન કમળા ગામે ચૂંટણી પ્રચાર કરી રહેલા કોંગ્રેસના ઉમેદવાર અને તેમની ટીમ પર હુમલો થતા ચકચાર મચી ગઈ છે. હુમલાખોરોએ ઉમેદવારના પુત્રનો મોબાઈલ ઝૂંટવી તોડી નાખ્યો હતો અને મહિલા કાર્યકરોની હાજરીમાં જ ગેરવર્તણૂક કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાના આક્ષેપ સાથે પોલીસ મથકે પહોંચ્યો છે.

નડિયાદમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ ચરમસીમાએ છે. નડિયાદના વોર્ડ નંબર 1ના કોંગ્રેસના ઉમેદવાર હિતેન્દ્ર પરમાર તેમની પેનલના અન્ય બે ઉમેદવારો અને મહિલા કાર્યકરો સાથે કમળા ગામે પ્રચાર કરી રહ્યા હતા. આ દરમિયાન 12થી 15 જેટલા શખ્સોએ તેમને અટકાવ્યા હતા અને અહીં પ્રચાર ન કરવા બાબતે ઉગ્ર દલીલો શરૂ કરી હતી. જોતજોતામાં વાતાવરણ તંગ બની ગયું હતું અને ટોળાએ હિતેન્દ્ર પરમારના પુત્રનો મોબાઈલ ફોન ઝૂંટવી લીધો હતો અને તેને તોડી નાખીને ફેંકી દીધો હતો.

આ હિંસક ઘટના બાદ કોંગ્રેસના ઉમેદવારો જીવ બચાવીને સીધા નડિયાદ રૂરલ પોલીસ મથકે પહોંચ્યા હતા. આ સમાચાર વાયુવેગે પ્રસરતા જ જિલ્લા કોંગ્રેસના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો પોલીસ મથકે એકઠા થયા હતા. નડિયાદ રૂરલ પોલીસે હાલમાં અરજી સ્વીકારીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસ દ્વારા ગામના સીસીટીવી ફૂટેજ ચકાસવાની અને જવાબદારો સામે એફઆઈઆર દાખલ કરવાની ખાતરી આપવામાં આવી છે. ખાસ કરીને મહેસૂલ મંત્રીના ગામમાં જ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતા અનેક સવાલો ઉઠી રહ્યા છે.

# આંકલાવ પાસે વાહનની ટક્કરે વૃદ્ધનું કરુણ મોત

**મંદિરે દર્શન કરી પરત** ફરી રહેલા વૃદ્ધને અજાણ્યા વાહને પાછળથી ટક્કર મારી

(પ્રતિનિધિ) આણંદ તા.21

આંકલાવ તાલુકાના કંથારીયા ગામની સીમમાં આસોદરથી વાસદ તરફ જવાના માર્ગ પર વધુ એક જીવલેણ હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. સોમવારે બપોરે એક્ટિવા લઈને મંદિરથી પરત ફરી રહેલા 66 વર્ષીય વૃદ્ધને કોઈ અજાણ્યા વાહન ચાલકે પાછળથી જોરદાર ટક્કર મારતા તેમનું ગંભીર ઈજાના કારણે મોત નીપજ્યું છે.

વાસદના નંદનવન બંગ્લોઝમાં રહેતા રમેશભાઈ ધુળાભાઈ પ્રજાપતિ (ઉં.વ. 66) સોમવારે સવારે એક્ટિવા લઈને બોચાસણ સ્વામીનારાયણ મંદિર ખાતે દર્શન કરવા ગયા હતા. રમેશભાઈના પુત્ર અંકુરકુમાર પ્રજાપતિ રામપુરા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. બપોરના સુમારે જ્યારે રમેશભાઈ દર્શન કરીને પરત ફરી રહ્યા હતા, ત્યારે કંથારીયા સીમમાં જીઓ પેટ્રોલ પંપ પાસે કોઈ અજાણ્યા વાહન ચાલકે તેમને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રમેશભાઈ રોડ પર પટકાતા તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે આંકલાવ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

આ અકસ્માત અંગે આંકલાવ પોલીસે મૃતકના પુત્રની ફરિયાદના આધારે ગુનો નોંધી ચાલકની શોધખોળ શરૂ કરી છે.

# નડિયાદમાં રહેણાંક મકાન પાસે ટ્રાન્સફોર્મર ઊભું કરતા આક્રોષ

**વીજ કંપનીના** કાર્યપાલક ઇજનેરને મહિલાએ લેખિતમાં રજૂઆત કરી



(પ્રતિનિધિ) નડિયાદ તા.21

નડિયાદના કપડવંજ રોડ પર એસઆરપી કેમ્પની સામે આવેલી મંગલ પાર્ક સોસાયટીમાં મધ્ય ગુજરાત વીજ કંપનીની જોહુકમી સામે રહીશોએ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે. વીજ કંપની દ્વારા એક રહેણાંક મકાનના મુખ્ય પ્રવેશદ્વારની બિલકુલ સામે જ હાઈવોલ્ટેજ ટ્રાન્સફોર્મર (ડીપી) માટેના પોલ ઊભા કરી દેવાતા સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

આ અંગે સોસાયટીના રહીશ નીરૂબેન અર્જુનભાઈ સોલંકીએ આ મામલે કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરી છે. આ અરજીમાં જણાવ્યા અનુસાર, તેમના ઘરના દરવાજા પાસે જ બીજી સોસાયટીના કોમન પ્લોટમાં ડીપીના થાંભલા નાખી દેવામાં આવ્યા છે, જેના કારણે ઘરમાં આવવા-જવા માટે ગંભીર અવરોધ અને સુરક્ષાનું જોખમ ઊભું થયું છે. રહેણાંક વિસ્તારમાં આ પ્રકારે હાઈવોલ્ટેજ ડીપી હોવાથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના, જાનહાની કે મિલકતને નુકસાન થવાની પૂરેપૂરી સંભાવના છે.

આ અંગે રહીશોનો આક્ષેપ છે કે, વીજ કંપનીએ સુરક્ષાના નીતિ-નિયમોનું ઉલ્લંઘન કરીને આ કામગીરી કરી છે. જો તંત્ર દ્વારા આ જોખમી ડીપીને તાત્કાલિક અન્ય સુરક્ષિત સ્થળે ખસેડવામાં નહીં આવે, તો રહીશોએ મહાનગરપાલિકાની કચેરી અને ઉચ્ચ કક્ષાએ કાનૂની રાહે ફરિયાદ નોંધાવવાની ચીમકી ઉચ્ચારી છે. હવે જોવાનું એ રહે છે કે તંત્ર આ ગંભીર સમસ્યાનું નિરાકરણ ક્યારે લાવે છે.

---

# નડિયાદના સંતરામ મંદિર દ્વારા સુજોક એક્યુપ્રેશર તાલીમનો પ્રારંભ

**નાગરિકો** આપતકાલીન સ્થિતિમાં સ્વાવલંબી બની ઘરબેઠા જ પ્રાથમિક સારવાર કરી શકશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.21

સાક્ષરનગરી નડિયાદમાં નાગરિકો આપતકાલીન સ્થિતિમાં સ્વાવલંબી બની ઘરબેઠા જ પ્રાથમિક સારવાર કરી શકે તેવા ઉમદા હેતુથી સુજોક એક્યુપ્રેશર પ્રશિક્ષણ વર્ગોનો આજથી પ્રારંભ થયો છે. સંતરામ મંદિરના મહંત રામદાસજી મહારાજની પ્રેરણાથી શરૂ થયેલા આ વર્ગોમાં પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં સજાગ નાગરિકો જોડાયા હતા.

આ પ્રશિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરના વિવિધ વિસ્તારોમાં તાલીમબદ્ધ થેરાપિસ્ટ તૈયાર કરવાનો છે, જેઓ મુશ્કેલ સમયમાં પોતાના પરિવાર અને આસપાસના લોકો માટે પ્રાથમિક ચિકિત્સકની ભૂમિકા ભજવી શકે. ખાસ કરીને કોરોના કાળ જેવી વિષમ પરિસ્થિતિઓ, જેમાં તબીબી સહાય મળવી મુશ્કેલ હોય, ત્યારે આ પદ્ધતિ આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે. અગાઉ ઓક્સિજનની કમી જેવી ગંભીર સમસ્યાઓમાં પણ આ પદ્ધતિના હકારાત્મક પરિણામો જોવા મળ્યા છે.

આ પ્રશિક્ષણમાં માત્ર પુસ્તકિય જ્ઞાન નહીં, પણ પ્રાયોગિક તાલીમ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં નિષ્ણાતો દ્વારા બીજ, મેગ્નેટ અને રંગ ચિકિત્સા વિશે ઊંડાણપૂર્વક સમજણ, મેરેડિયન પદ્ધતિ દ્વારા શરીરના વિવિધ બિંદુઓ પર દબાણ આપી રોગમુક્ત થવાનું માર્ગદર્શન, કોઈપણ ખર્ચ વગર અથવા નજીવા સાધનોથી ગંભીર બીમારીઓમાં રાહત મેળવવાની કળા શીખવવામાં આવશે.

વર્તમાન સમયમાં જ્યારે આરોગ્ય પાછળનો ખર્ચ વધી રહ્યો છે, ત્યારે નડિયાદમાં દર વર્ષે એક હજારથી વધુ દર્દીઓ આ સુજોક પદ્ધતિનો લાભ લઈ રહ્યા છે. સંતરામ મહારાજની અખંડ જ્યોતના સાનિધ્યમાં શરૂ થયેલા આ વર્ગો સમાજને રોગમુક્ત અને સ્વાવલંબી બનાવવાની દિશામાં એક મહત્વનું કદમ સાબિત થશે.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**